SAURASHTRA UNIVERSITY
EXAM SECTION-01
University Campus, University Road, Rajkot – 360005
PhoneNo.: (0281) 2576511 Ext. No.736/737/738 FAX No.: (0281) 2586411
E-mail Id: exam01@sauuni.ac.in

Accredited Grade "A" by NAAC
(3rd Cycle)


નં.ક્રમાંક/પરીક્ષા/૦૧/ ૬૫ /૨૦૨૧ તા. ૦૮/૦૨/૨૦૨૧

## પરિપત્ર:-

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી/ભવનોનાં અધ્યક્ષશ્રી/માન્ય અનુસ્નાતક સંસ્થાઓનાં વડાઓને જણાવવામાં આવે છે કે શૈક્ષણીક વર્ષ ૨૦૨૦-૨૧ નાં પ્રથમ સત્રની તા.૦૯/૦૨/૨૦૨૧ થી સેમેસ્ટર-૦૧ ની નીચેની યાદી પ્રમાણે શરૂ થનાર વિવિધ પરીક્ષાઓનાં આવેદનપત્રો નિયત પરીક્ષા ફી સાથે ઓનલાઈન ભરવાનાં રહેશે.

વિદ્યાર્થીઓનાં પરીક્ષા ફોર્મ તેઓનાં લોગઈન મારફત એનરોલમેન્ટ/એન્લીસ્ટમેન્ટ નંબર દાખલ કરી પ્રિ-પ્રિન્ટેડ ફોર્મ ડાઉનલોડ/પ્રિન્ટ કરવાનાં રહેશે. જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે. સદર પરિપત્ર મુજબની ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની કાર્યવાહી કોલેજ/સંસ્થા દ્વારા પોતાનાં લોગીન મારફત પુર્ણ કરીને ફી મેમો તેમજ ભરેલાં પરીક્ષા ફોર્મની યાદી E-mail: sufeememo@sauuni.ac.in પર તરત મોકલી આપવાની રહેશે.

પરિપત્ર મુજબ આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોને જણાવવાનું કે સી.બી.સી.એસ અંતર્ગત ચાલતા તમામ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓનાં પ્રિ-પ્રિન્ટેડ ફોર્મ મેળવવા માટેની સુવિધા યુનિવર્સિટી દ્વારા તેઓના લોગઈનમાં કરી આપવામાં આવેલ છે. કોલેજ લોગઈનમાં પ્રિ-એકઝામીનેશન મેનુની અંદર પ્રિ-એકઝામીનેશન ફોર્મ રીપોર્ટ નામનાં ઓપ્શનમાંથી પરીક્ષા ફોર્મની પ્રિન્ટ કરી શકશો. જેની વિગત નીચે મુજબ છે.

[College Login => Pre-Examination => Pre-Examination Form Report]

| SR NO | NAME OF EXAM | SEM | Exam Fee | EXAM FORM START DATE | EXAM FORM END DATE | Tentative Date for Exam |
|---|---|---|---|---|---|---|
| 01 | BED | 1 | 250/- | 09/02/2021 | 15/02/2021 | 10/03/2021 |
| 02 | BED (ENGLISH) | 1 | 250 | 09/02/2021 | 15/02/2021 | 10/03/2021 |
| 03 | BED (BASIC) | 1 | 250/- | 09/02/2021 | 15/02/2021 | 10/03/2021 |

૧ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં એકેડેમીક વિભાગનાં પરીપત્ર ક્રમાંક નં.એકે/૬૦૨/૨૦૨૦ તા.૧૨/૧૧/૨૦૨૦ નાં પત્રથી COMMON ORDINANCE નાં ક્રમાંક ૦૨ માં જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થી પરીક્ષા ફોર્મ ભરવા માટે એલીજીબલ થતો હોય તો જ તેમનું પરીક્ષા ફોર્મ સંસ્થાએ સ્વીકારવું અને ઓનલાઈન ભરવું. જેની ખાસ નોંધ લેવી.

૨. સંસ્થાઓને પરીક્ષા ફોર્મની એન્ટ્રી માટે યુનિવર્સિટી દ્વારા ફાળવવામાં આવેલ યુઝર આઈ.ડી. (કોલેજ કોડ) તથા પાસવર્ડનો ઉપયોગ કરવાનો રહેશે. જો કોઈ તકલીફ જણાય તો પરીક્ષા વિભાગ-૧ (૦૨૮૧- ૨૫૭૬૫૧૧) (એક્સ્ટેન્શન નંબર ૭૩૬, ૭૩૭, ૭૩૮) પર સંપર્ક કરવો.

3. કોલેજ/સંસ્થા દ્વારા ઓનલાઈન આવેદન પત્ર ભરતા સમયે વિદ્યાર્થીનાં વિષય તથા અન્ય (જેમ કે વિદ્યાર્થીના નામ, વિષય, ફોટા, એનરોલમેન્ટ નંબર) તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા વધારા કરવા માટેની

Accredited Grade "A" by NAAC
(3rd Cycle)

SAURASHTRA UNIVERSITY
EXAM SECTION-01
University Campus, University Road, Rajkot – 360005
PhoneNo.: (0281) 2576511 Ext. No.736/737/738 FAX No.: (0281) 2586411
E-mail Id: exam01@sauuni.ac.in

---

કોઈ કાર્યવાહી કરવી પડે નહિ જેની તકેદારી લેવી તેના કારણે કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે સંબંધીત કોલેજ/સંસ્થા/ભવન જવાબદાર રહેશે. તેમાં યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

૪. ઉપરોક્ત પરીક્ષાઓ માટે ઓનલાઈન પરીક્ષા ફોર્મ કોલેજ/સંસ્થા પોતાના લોગઈન મારફતે વેબસાઈટ પર ભરવાના રહેશે. આપની સંસ્થામાં આગામી પરીક્ષાઓમાં આપનાર અભ્યાસક્રમ - સેમેસ્ટર દીઠ રેગ્યુલર – રીપીટર દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે વિગતો ઓનલાઈન ભરી,ફી મેમો જનરેટ કરી ઓનલાઈન ફી પેમેન્ટ કરવાનું રહેશે. ઓફ લાઈન પેમેન્ટ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી.

૫. જે વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની થિયરી (Theory) પરીક્ષા પાસ કરેલ હોય પરંતુ માત્ર આંતરિક (Internal) પરીક્ષા જ પાસ કરવાની બાકી હોય તેવા વિદ્યાર્થીઓએ પણ સંબંધિત સેમેસ્ટરના પરીક્ષા ફોર્મ અચૂક ભરવાના રહેશે તેમજ જે તે સંસ્થા દ્વારા તે રીપીટર વિદ્યાર્થીઓની નિયમાનુસાર આંતરિક પરીક્ષા લઈને યુનિવર્સિટીને નિયત તારીખ સુધીમાં આંતરિક ગુણ ની ઓનલાઈન એન્ટ્રી કરીને મોકલી આપવાના રહેશે. યુનિવર્સિટીની પરીક્ષા શરૂ થયા બાદ આવા કોઈપણ ફોર્મ સ્વીકારી શકાશે નહિ જેની નોંધ ખાસ નોંધ લેવી.

૬. શિક્ષણ વિદ્યાશાખાના જે વિષયોમાં યુનિવર્સિટી દ્વારા પ્રાયોગિક પરીક્ષાની ફી લેવામાં આવતી હોય તે વિષયો માટે યુનિવર્સિટી દ્વારા નિયત કરેલી ફી લેવાની રહેશે.

૭. યુનિવર્સિટી વેબસાઈટમાં ઓનલાઈન એન્ટ્રી નિયત તારીખ સુધીમાં કરી ફી મેમો અંગેની યાદી તેમજ ઓનલાઈન ભરાયેલ વિદ્યાર્થીની યાદીની પ્રિન્ટsufeememo@sauuni.ac.in ઈ-મેઈલ મારફત યુનિવર્સિટી કાર્યાલયમાં છેલ્લી તારીખ ઉપરાંત ત્રણ (૩) દિવસ સુધીમાં મળી જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. દરેક અભ્યાસક્રમ - સેમેસ્ટર દીઠ ચલણ તથા ફી ની રકમ અલગ અલગ જમા કરાવવાની રહેશે.

૮. નિયત સમયમર્યાદા પૂર્ણ થયા બાદ કોલેજ/સંસ્થા/ભવન દ્વારા કોઈપણ સંજોગોમાં **વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય** ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.

૯. વિદ્યાર્થીઓ દ્વારા ભરાયેલા આવેદનપત્રો જે-તે કોલેજ/સંસ્થા દ્વારા ચાલુ સત્ર તેમજ ત્યારબાદનાં એક સત્ર સુધી સાચવી રાખવાનાં રહેશે.

પરીક્ષા નિયામક

પ્રતિ,

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રીમાન્ય અનુસ્નાતક/ભવનોના અધ્યક્ષશ્રી/ સંસ્થાનાં વડાઓ.
૨. માનનીય કુલપતિશ્રી, ઉપકુલપતિશ્રીના કુલસચિવનાં અંગત મદદનીશ તરફ
3 . પરીક્ષા વિભાગ૦૨-, ૦૩ (પ્રશ્નપત્ર) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ
૪ પરીક્ષા કોમ્પ્યુટર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ